# Government Arts, Commerce & Science College, Kachhal

# NATIONAL SERVICE SCHEME

# 2023-2024




**“MAN KI BAAT” 02 MAY 2023**

Principal : Dr.Hetal S. Tandel(GES-Class-1)

NSS Coordinators : 1.Pro.Urvik Patel (Vice Principal)

2. Prof. Asha Thakor

# સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ, કાછલ

## એન. એસ. એસ.

## વર્ષ : ૨૦૨૩-૨૦૨૪

## “મન કી બાત”ના ૧૦૦મા એપિસોડ ઉજવણી

**02 MAY 2023**

પ્રવૃત્તિની સમીક્ષા :

સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ કાછલ દ્વારા અને એન. એસ. એસ. તથા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તા.૦૨ મે ૨૦૨૩, સોમવારના રોજ “મન કી બાત”ના ૧૦૦મા એપિસોડને કોલેજના વિદ્યાર્થીઓએ નિહાળ્યો. આ કાર્યક્રમ દ્વારા પીએમ મોદી દેશવાસીઓ સાથે સીધો સંવાદ કરે છે. વિવિધ મુદ્દાઓ પર તેમના મંતવ્યો અને લોકોના પ્રયાસોના ઉદાહરણો લોકો સમક્ષ મૂકે છે. મન કી બાત કાર્યક્રમમાં શ્રી નરેન્દ્ર મોદી લોકોના સંઘર્ષની વાત કહીને દેશના અન્ય લોકોને પ્રેરણા આપે છે. સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયમાં તેનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું. આ સાથે દેશમાં ૪ લાખ સ્થળોએ અને અમારી કોલેજના વિદ્યાર્થીઓએ પીએમ મોદીની મન કી બાત સાંભળી. આ કાર્યક્રમમાં પીએમ નરેન્દ્ર મોદીએ જણાવેલ મુખ્ય બાબતોમાં ‘બેટી બચાવો અને બેટી પઢાઓ’, નારી શક્તિ અંગે, નાના પાયાગત ઉદ્યોગો, આત્મ નિર્ભર ભારત, હર ઘર તિરંગા, પહાડોની સ્વચ્છતા, સિંગલ યુઝ પ્લાસ્ટિક, ઈ-વેસ્ટ અને પર્યાવરણીય જતન અંગેના મુદ્દાઓને ધ્યાનમાં લીધા હતાં. આ સાથે સામાન્ય નાગરિકોના પત્રો અને વૈશ્વિક સ્તરના ફોનકોલને પણ ધ્યાને લીધા હતાં.

સમગ્ર કાર્યક્રમ યુ ટ્યુબના માધ્યમથી વિદ્યાર્થીઓએ નિહાળ્યો. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં અને ઉત્સાહભેર જોડાયા પણ હતાં. આ ઉપરાંત જે

વિદ્યાર્થી કૉલેજમાં જોડાઈ શક્યા નહોતા તેઓ પોતાના ઘરે દૂરદર્શનના માધ્યમથી જોડાયા હતાં.

પ્રવૃત્તિના હેતુઓ :

- ❖ જુદા જુદા રાજ્યના અનામી વ્યક્તિઓની પરિશ્રમ ગાથાથી માહિતગાર થાય.
- ❖ દેશમાં સામાજિક અને સામુદાયિક હેઠળ કામ કરતાં વ્યક્તિઓના સેવાકાર્યો સાંભળી વિદ્યાર્થીઓમાં સામાજિક ભાવના કેળવાય.
- ❖ સર્જનાત્મક, સંશોધનાત્મક અને ટેકનોલોજી ક્ષેત્રે કાર્ય કરતાં સામાન્ય માનવીની કથા સાંભળી વિદ્યાર્થીઓને પ્રેરણા મળે.
- ❖ વિદ્યાર્થીઓ રેડિયો અને દૂરદર્શન જેવા માધ્યમોનો ઉપયોગ કરતો થાય.
- ❖ બેટી બચાઓ, આત્મનિર્ભર ભારત, સ્વચ્છતા અભિયાન જેવા રાષ્ટ્રીય કાર્યક્રમોથી વિદ્યાર્થી માહિતગાર બની પોતે જોડાવવા માટે પ્રેરાય.


Hailing show and PM's vision behind it, B-Town celebrities extolled
initiative and dubbed the step as 'inspiring'




The program is also giving a platform to people in remote areas to
create an identity on global platform


mid-day
.com
Rated 7+
This is another reason why PM and his 'Mann Ki Batt' is taking
center stage for all the correct reasons
youtube.com switched to full screen (Esc to exit).
Okay
Exit now